# ચૂંટણી પ્રચાર અભિયાન ડાયરી – તા.25/04/2014

**અરૂણ જેટલી**
**(વિપક્ષી નેતા, રાજ્યસભા)**

વારાણસીમાં નરેન્દ્ર મોદીએ ઉમેદવારી-પત્ર દાખલ કર્યું તે પહેલાં યોજાયેલા રોડ શોમાં માનવમહેરામણ ઉમટ્યો હતો. અગાઉ ભાગ્યે જ જોવા મળ્યો એવો તે રોડ શો હતો. આટલી અભૂતપૂર્વ ભીડ ક્યારેય 'એકત્ર' કરી શકાતી નથી. તે સ્વયંભૂ ઉમટતી હોય છે. માત્ર રાજકીય કાર્યકરોને આવા કાર્યક્રમોમાં ભાગ લેવા મનાવી શકાય છે, જનતાને નહિ. જનતાની ભીડ આટલી વિશાળ સંખ્યામાં હોય ત્યારે, સ્વયંસ્ફુરણાનું એક તત્વ હંમેશા તેમાં હોય છે.

વડાપ્રધાને દેખીતી રીતે દ્રશ્યમાન જનમેદનીને જોઈને એવો પ્રતિભાવ આપ્યો હતો કે દેશમાં મોદીની તરફેણમાં લોકજુવાળ નથી. મોદીએ સમગ્ર ભારતમાં 400થી વધુ રેલીઓને સંબોધિત કરી છે. તેમાંથી પાંચ રેલીઓમાં અભૂતપૂર્વ જનમેદની ઉમટી હતી. ભાજપને મળી રહેલો અભૂતપૂર્વ પ્રતિસાદ દેશનો લોકજુવાળ સૂચવે છે. સુશાસન અને એજન્ડાને વળગી રહેવાની નરેન્દ્ર મોદીની ક્ષમતા સ્પષ્ટ દેખાય છે. ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતમાં ભાજપને મોટો જનાધાર જોવા મળ્યો છે. આ વિસ્તારોમાં મોદી વેવ જોઈ શકાય છે. દેશના પૂર્વીય અને દક્ષિણ ભાગમાં ભાજપની તરફેણમાં મતદારોનો નોંધપાત્ર વધારો થયો છે.

આની સામે ગાંધી પરિવાર મુસિબતમાં છે. વિદાય લેતી સરકારના નેતાઓ દ્વારા એક અભિયાન તરીકે પોતાની સિદ્ધિઓ પ્રથમ વખત પ્રકાશિત કરાઈ છે. દેશમાં કોંગ્રેસ-વિરોધી લોકજુવાળ ચર્ચાનો વિષય બન્યો છે. શાસક પક્ષ વિરોધ પક્ષોને દોષ આપીને પોતાની નિષ્ફળતા છુપાવી દે એવું ઈતિહાસમાં ભાગ્યે જ બન્યું છે. ડો મનમોહન સિંહ ટૂંકી દ્રષ્ટિ ધરાવતા હોઈ શકે છે એટલે જ તેમને મોદીવેવ દેખાતું નથી. હું તે જુએ છે , પરંતુ તે કબૂલ

કરી શકો છો ? કોંગ્રેસ અને યુપીએ-વિરોધી લોકજુવાળ પ્રથમવાર આટલો મોટાપાયે દેખાય છે. નેતૃત્વ નિષ્ફળતા તેમાં કારણભૂત છે. તે ચૂંટણી પ્રક્રિયા માટે જવાબદાર છે. સરકાર-વિરૂધ્ધ ભભૂકતા જનઆક્રોશ વચ્ચે મોદીવેવ ભારત માટે આશાનું પ્રતીક બની ગયું છે. કોંગ્રેસ નેતાઓ નિઃસહાય જણાય છે. ચિદમ્બરમ, સિબલ, તિવારી, આનંદ શર્મા કઠોર અને અસભ્ય શબ્દ પ્રયોગો વડે મોદીવેવ સામે પ્રતિક્રિયા દર્શાવી રહ્યા છે.

---

**પંજાબમાં મોદી**

નરેન્દ્ર મોદી પંજાબમાં પાંચ રેલીઓ સંબોધિત કરવાના છે. મેં ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે ગુરદાસપુર, ભટીંડા, હોશિયારપુર, લુધિયાણા અને અમૃતસર સંસદીય મતવિસ્તાર મુલાકાત લીધી. પંજાબ ગેમચેન્જર બની શકે છે અને નરેન્દ્ર મોદીની આતુરતાપૂર્વક રાહ જુએ છે.